અપીલ અરજી નં.૩૫૦ તા.૯–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી પ્રમોદચંદ્ર રતિલાલ ગજ્જર
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રમોદચંદ્ર રતિલાલ ગજ્જરની તા.૯–૧૧–૧૦ ની અરજીથી કોટ સફીલ રોડ પર વોર્ડ નં.૫ નોંધ નં.૪૧ થી ૪૫ પૈકી દુકાન નં.૪ માં દિવાન ટી એન્ડ રેસ્ટોરન્ટના લાયસન્સ માટે કરેલ અરજીની ઝેરોક્ષ, રજૂ થયેલા દસ્તાવેજોની ઝેરોક્ષ અને લાયસન્સની ઝેરોક્ષની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૯–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૦/૨૦૧૦–૧૧

શ્રી પ્રમોદચંદ્ર રતિલાલ ગજ્જરની તા.૯–૧૧–૧૦ ની અરજીથી કોટ સફીલ રોડ પર વોર્ડ નં.૫ નોંધ નં.૪૧ થી ૪૫ પૈકી દુકાન નં.૪ માં દિવાન ટી એન્ડ રેસ્ટોરન્ટના લાયસન્સ માટે કરેલ અરજીની ઝેરોક્ષ, રજૂ થયેલા દસ્તાવેજોની ઝેરોક્ષ અને લાયસન્સની ઝેરોક્ષની માહિતી આપવા બાબતે આરોગ્ય અધિકારી ના પત્ર નં.પીએચડી/ફુડ/૭૯૬ તા.૧૦–૧–૧૧ થી આપેલ માહિતી અંશતઃ પૂર્તતા કરેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દાઓ અંગે તેમનો પક્ષ પણ રજૂ કરવા તેમજ લાયસન્સ સિવાયની વિગતો દફતરે ઉપલબ્ધ છે કે કેમ? ન હોય તો તેના નાશ કે નિકાલની વિગતો સહિત હકીકત પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૩૬ તા.૨૫–૨–૧૧ થી ઈ.ચા. ડે.કમિ. અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતી તથા ફી ભર્યાની વિગતો જણાવેલ નથી તેમજ મુળ અરજીથી માંગેલ માહિતી તથા મળેલ માહિતી અને નારાજગીના આધાર હોય તો જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને પાઠવેલ પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૭૯૬ તા.૧૦–૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૪–૧–૧૧ ના રોજ અપીલના સંદર્ભ પત્ર બાબતેનો પત્ર મળેલ છે. જેમાં અરજદારે જાહેર માહિતી અધિકારીને અસલપ્રત ફી ભર્યાની રસીદ તથા ઝેરોક્ષ અપીલનો મેમો રજૂ કરેલ છે. જેથી અપીલ તબકકે અરજદાર પાસે કરવામાં આવેલ માંગણી કેસનો અભ્યાર થયો નથી તે પુરાવાર કરેલ છે. તેવા અરજદાર ના પ્રશ્ન બાબતે જણાવવાનું કે એપેલેટ અધિકારી એ એક ન્યાયિક ઓથોરીટી છે અને ન્યાય સબંધે બંને પક્ષકારો પાસેથી અપીલ સંદર્ભેની વિગતો તથા સમર્થનમાં અર્ધન્યાયિક પ્રક્રિયામાં પક્ષકારો પાસેથી મેળવવાનો વૈદ્યાનિક અધિકાર રહેલો છે જે મુજબ જાહેર માહિતી અધિકારી તથા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ છે. આ ઉપરાંત આરટીઆઈ એકટની જોગવાઈઓ મુજબ પણ અપીલ અધિકારીએ માહિતી માંગતી અરજી બાબતે તથા તેમાં મેળવેલી વિગતોની દસ્તાવેજ ફી ભરપાઈ કરેલ છે કે કેમ? તે અંગે વિગતો માંગવાનો અધિકાર રહેલો છે. અરજદાર આરટીઆઈ એકટની કલમ–૬(૧) મુજબ અને નિયમ–૭(૩) મુજબ ફી ભરપાઈ કરેલ ન હોય તો તેવી અપીલો નિરર્થક બને છે અને સદર નિયમ હેઠળ કાર્યવાહી વિના દફતરને પાત્ર ઠરે છે. તેમજ આરટીઆઈના નિયમ–૬ મુજબ મુળ અરજીની નકલ , ફી ભર્યાની વિગત, તબદીલ કરેલ હોય તો તેનો પત્ર,જાહેર માહિતી અધિકારીનો હોદ્દો, ખાતા/વિભાગનું નામ તથા જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી નકલ તથા નારાજગી અંગેના આધાર અને વાજબીપણું રજુ કરવાનું રહે છે. જે અરજદાર તરફથી અપીલ તબકકે રજૂ કરેલ ન હોઈ માંગવામાં આવેલ છે.

અરજદારની તા.૯–૧૧–૧૦ ની અરજીથી કોટ સફીલ રોડ પર વોર્ડ નં.૫ નોંધ નં.૪૧ થી ૪૫ પૈકી દુકાન નં.૪ માં દિવાન ટી એન્ડ રેસ્ટોરન્ટના લાયસન્સ માટે કરેલ અરજીની ઝેરોક્ષ, રજૂ થયેલા દસ્તાવેજોની ઝેરોક્ષ અને લાયસન્સની ઝેરોક્ષની માહિતી આપવા બાબતેની માહિતી માંગતી અરજી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ.જે અઠવાઝોન તરફથી આરોગ્ય ફુડ વિભાગને તબદીલ કરવામાં જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક/પીએચડી/ફુડ/૭૯૬ તા.૧૦–૧–૧૧ થી " ૯/૪૪ કોટ સફીલ રોડ સુરત ખાતે આવેલ "દિવાન રેસ્ટોરન્ટ" નામની સંસ્થાને પીએફએ એકટ હેઠળનું લાયસન્સ નં.પીએફએ/સીઝેડ/ ૧૫/૦૮ તા.૧–૫–૯૮ ના રોજ આપવામાં આવેલ છે લાયસન્સ જે તે અરજદાર પાસે હોય તેની નકલ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારીએ પીએફએ એકટ હેઠળનું લાયસન્સ નંબર આપેલ છે પરંતુ લાયસન્સ માલિક પાસે હોવાથી નકલ આપવા અશકિત દર્શાવેલ. આ રીતે લાયસન્સ માટે કરેલી અરજીની અને અરજીના સમર્થનમાં રજુ દસ્તાવેજોની ઝેરોક્ષ માંગણીની પૂર્તતા કરેલ નથી અને માંગણીની અંશતઃ પૂર્તતા કરેલ હોવાથી અને બાકીની માંગણીઓની પૂર્તતા કરી ન હોવાથી અપીલ કરવાની ફરજ પડી છે તેવું જણાવી તા.૯–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને લાયસન્સ માટે કરેલ અરજી અને તેની સાથે રજૂ કરેલ પુરાવા બાબતે આપેલ માહિતીમાં કોઈ પૂર્તતા કરેલ જણાતી નથી. તેથી જાહેર માહિતી અધિકારીએ નહીં પૂરી પાડેલ માહિતી અરજદારને પૂરી પાડવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ફરીયાદ હકીકતમાં જણાવ્યા મુજબની નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી પ્રમોદચંદ્ર રતિલાલ ગજ્જર,